ગાંધીનગર સમાચાર
તા. ૨૮-૯-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### જયલલિતા સામે સંકટ : ન્યાયતંત્રની સર્વોપરિતાનું ઝળહળતું ઉદાહરણ

રાજકારણમાં ક્યારે શું થશે એની કલ્પના પણ ક્યારેય મુશ્કેલ બની રહે છે. તમિલનાડુનાં 'અમ્મા' તરીકે જાણીતાં અને વારંવાર મુખ્યમંત્રી તરીકે ચૂંટાતાં રહેલાં જયલલિતા જયરામને સ્વપ્ને પણ કલ્પના નહીં હોય કે તેઓ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં પણ રહેવાલાયક નહીં રહે. તમિલનાડુની વિધાનસભામાં બે તૃતીયાંશ બહુમતીથી પુનરાગમન કરનાર જયલલિતા સામે છેલ્લાં અઢાર વર્ષથી ચાલી રહેલ આવકનાં જાણીતાં સ્રોતો કરતાં વધારે આવક ધરાવતાં હોવાના આક્ષેપો બેંગલોરની સ્પેશિયલ કોર્ટમાં પુરવાર થયા છે. કિલોના હિસાબે સોના ચાંદી અને હજારો જોડી કરડાં તથા પગરખાં ઉપરાંત કરોડો રૂપિયાની ચલ-અચલ સંપત્તિ મળી આવતાં આ કેસનો ચુકાદો જયારે પણ આવશે ત્યારે જયા-અમ્મા માટે મુશ્કેલી સર્જશે, એવી દહેશત તો હતી જ. પરંતુ ન્યાયતંત્રની રેઢિયાળ કામગીરીને કારણે આખી વાત હાંસિયે ધકેલાઇ ગઇ હતી અને જયલલિતા પૂરા દમ-ખમ સાથે દખ્ખણનાં સામ્રાજ્ઞી તરીકે પુનઃપ્રતિષ્ઠિત થઈ ગયાં હતા. દ્રવિડ રાજકારણના મૂળ સૂત્રધાર પેરિયારની વિચારસરણી પર એમ.જી. રામચંદ્રને વર્ષો સુધી તમિલનાડુ પર એક છત્ર રાજ કર્યું. એમના પ્રેયસી તરીકે પ્રસિદ્ધ અભિનેત્રીમાંથી નેત્રી બનેલાં જયલલિતાને રાજપથથી દૂર હડસેલવાના રામચંદ્રનનાં વિધવા જાનકીના પ્રયાસો પણ સફળ થયા નહોતા. તામિલનાડુની પ્રજા અત્યંત સંવેદનશીલ છે અને તે પોતાના નેતાનું અપમાન જીરવી શકતી નથી. એમજીઆરના મૃત્યુ વખતે અસંખ્ય લોકોએ જાતે જ સળગી જઈને સમર્પણભાવ દર્શાવ્યો હતો. તમિલ રાજકારણમાં કરૂણાનિધિ કરતાં જયલલિતા વિશેષ લોકપ્રિય હોવાનું એક કારણ એ પણ છે કે એમણે લગ્ન નથી કર્યા. તેઓ તમિલનાડુના સર્વાધિક લોકપ્રિય નેતા એમજીઆરને આજીવન સમર્પિત રહ્યા, તે એમની વિશેષતા બલકે પ્લસ પોઈન્ટ બની રહ્યું. કરૂણાનિધિની પાર્ટીમાં ફેમિલી પોલિટિક્સ ચાલતું રહ્યું અને છેલ્લે તો એ.રાજા તથા કરૂણાનિધિમાં પુત્રી તેમજ પત્નીને ૨-જી કૌભાંડમાં જેલની હતા સુદ્ધા ખાવી પડી. એની સામે જયલલિતાની સ્થિતિ નિર્વંશ રાજનેતા જેવી છે, જે એમના પ્રત્યે વિશેષ સહાનુભૂતિનું કારણ બની રહેલ છે. જયલલિતા સામેના બધા જ આરોપ સાચા ઠરતાં બેંગલોરની અદાલતે એમને દોષિત ઠરાવતાંની સાથે તમિલનાડુમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. સમર્થકો રસ્તા પર આવી ગયા છે. કરૂણાનિધિ તેમજ જયા વિરોધી ગણાતા અને એમની સામે કેસ કરનાર ભાજપ નેતા સુબ્રહ્મણ્યમ સ્વામીના ઘર પર પથ્થરમારો થયો છે અને વફાદાર સમર્થકો જયલલિતાના નિવાસ સામે આત્મદાહ કરવાના પ્રયાસો કરી રહ્યા છે. અનેક વિસ્તારોમાં વીજળી ડૂલ કરી દેવાઈ છે. દેશનાં રાજકારણ પર પણ અદાલતના નિર્ણયની મોટી અને ગેરી અસરો પડશે. લોકસભાની ચૂંટણી અગાઉ આ જ જયલલિતા સાથે ગઠબંધન કરવા કોંગ્રેસ સિવાયના ભારત સહિત તમામ પક્ષો ઉતાવળા થઈ રહ્યા હતા. ત્યાં સુધી કે જયા-અમ્મા વડાપ્રધાન પદનાં સપનાં જોતાં થઈ ગયેલાં. નવી સરકારને પૂરા બસો દિવસ પણ થાય તે પહેલાં જયા-અમ્માની સાડાસાડી બેસી ગઈ છે. એમની ગાડી પરથી ત્રિરંગો હટાવાઈ દેવાયો છે અને રાજયપાલ રૌસેયા પરિસ્થિતિનું નિરીક્ષણ કરી અદાલતના આદેશોનો અમલ કરવાની તૈયારીમાં પડ્યા છે. ચાર વર્ષની સજા અને ૧૦૦ કરોડનો દંડ જાહેર થવાથી હવે એ ધારાસભ્ય તરીકે પણ રહી શકશે નહીં. અદાલતની આ સત્તા જ લોકશાહીને દોહી પીનારા ભ્રષ્ટ રાજકારણીઓની સામે લાલ બત્તી બની રહે છે. જયલલિતા હવે અગાઉની જેમ ફરી એક વાર એમના વફાદાર સાથીને મુખ્યમંત્રી બનાવી પડદા પાછળનાં મુખ્યમંત્રી તરીકે વહીવટ કરવાનો પ્રયાસ કરશે પરંતુ બદલાયેલા કાનૂન મુજબ હવે એમનું પુનરાગમન અશક્યવત જ લાગી રહ્યું છે.



## સતત પંદરમીવાર નાથીબા કોલેજ હેન્ડબોલ સ્પર્ધામાં ચેમ્પિયન

ગાંધીનગર, તા.૨૭

સેક્ટર-૨૩માં આવેલ ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજે હેન્ડબોલ સ્પર્ધામાં પંદરમી વાર ચેમ્પિયનશીપ મેળવી છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા બહેનોની હેન્ડબોલ સ્પર્ધા યોજવામાં આવી હતી. ફાઈનલમાં અમદાવાદની સી.યુ. શાહ સાયન્સ કોલેજ અને નાથીબા કોલેજ ગાંધીનગરની ટીમો ટકરાઈ હતી. જેમાં નાથીબા કોલેજે ૮-૧૦થી મેચ જીતી લીધી હતી. નાથીબા કોલેજની બહેનોએ સતત પંદરમી વખત ચેમ્પિયનશીપ ટાઈટલ મેળવ્યું છે. ટાઈટલ જાળવી રાખવા રાધિકા વસાવા, કિંજલ બ્રહ્મભટ્ટ, માનસી મેદપરા, નીલમ વસૈયા, પ્રેમાલા અંસારી, ડાયના ગજ્જર અને અમીધારા તન્નાએ મહેનત કરી હતી. સમગ્ર ટીમને આચાર્યા ડો. અમૃતાબેન પટેલ, પ્રો. એચ.એમ. પટેલ અને પરિવારે હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

## ભાવિ વકીલોએ કોલેજમાં સફાઈ કરી

ગાંધીનગર, તા. ૨૭

સે. ૧૬ સિધ્ધાર્થ લો કોલેજ ગાંધીનગરમાં 'સ્વચ્છ ભારત અભિયાન' અંતર્ગત સંસ્થાના પરીસર તથા ગાર્ડન તેમજ કોલેજ મકાનની આજુબાજુની ખુલ્લી જગ્યાની સાફ-સફાઈનું અભિયાન હાથ ધરવામાં આવેલ હતું. જેમાં શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સ્વચ્છતા અભિયાનને સફળ બનાવ્યો હતો અને એક ઉમદા ઉદાહરણ પુરૂ પાડેલ છે. નવરાત્રીના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓએ નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ટ્રેડીશનલ ડ્રેસમાં હાજર રહી નવરાત્રી મહોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો.

## આર.જી. કન્યા શાળામાં સફાઈ યોજાઈ

સેક્ટર-૨૩ સ્થિત આર.જી. પટેલ અને એસ.બી. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલમાં સ્વચ્છ ભારત સપ્તાહ અંતર્ગત સફાઈ અભિયાન હાથ ધરવામાં આવી હતી. શાળામાં આચાર્ય ઓફિસ, વિવિધ લેબ, ગ્રંથાલય, વર્ગ ખંડો તેમજ સંડાસ, બાથરૂમ, એસી., પંખા, સહિત ખૂણે ખૂણાની સાફ સફાઈ કરવામાં આવી હતી.

## આરાધના વિદ્યાવિહારમાં સ્વચ્છતા દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૭

આરાધના વિદ્યાવિહારમાં સ્વચ્છતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત સપ્તાહની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે આરાધના વિદ્યાવિહાર પણ જોડાઈ છે. ઉજવણીમાં ધોરણ-૯, ૧૦ના વિદ્યાર્થીઓ ટ્રસ્ટી, આચાર્ય, શિક્ષકો જોડાયા હતા. સંકુલમાં સાફ સફાઈ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ સ્વચ્છતાનું મહત્વ સમજે તે હેતુથી નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

## હરિની દૃષ્ટિ...




સોનીયાજી, મારો વાક નથી, આ ગુજરાતી છે એટલે અમેરિકામાં દોઢીયું, પોપટીયું, લટપટીયું, ખટપટીયું બધુ કરીને આવશે.. ! હું ગયો ત્યારે મને લુંગી ડાન્સ જ આવડતો હતો...!!

## માડી આવો

(રાગ : નગરી નગરી દ્વારે દ્વારે)

*આવો ને પધારો તમે*
*અમારે આંગણીએ...*
*ઝંખુ છું પાવન કરવાને*
*અમારા બારણીએ...*
*કીધી છે તૈયારી મેં તો*
*અંતરના ઉલ્લાસોથી... (૨)*
*ઉમળકે પહેરાવું માડી*
*માળા તો ગુલાબોની... (૨)*
*તુલસી વાવી આંગણીયામાં*
*પાડો ને પાવલીયાં ... આવો...*
*કુમકુમ કેસર અક્ષત સાથે*
*આરતી કીધી તૈયારી... (૨)*
*કુમકુમ પગલે આવો માડી*
*રાહ જોઉં છું હું તારી... (૨)*
*તાજા તાજા ફૂલડા લાવી*
*વેર્યા છે આંગણીએ... આવો...*
*રોજ રમીશું રાસે માડી*
*નવલી આ નવરાતોમાં... (૨)*
*આનંદે ખેલીશું માડી*
*ગરબે ઘુંમવા આવોને... (૨)*
*અમ અંતરના સાચા ભાવે*
*દુભશો ના દિલડીયા... આવો...*

- ભટ્ટ કોકિલા જયપ્રકાશ



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪માં કયો દેશ ૧૦ વર્ષની ઉંમરથી બાળ મજૂરી કાયદાને મંજૂરી આપનારો વિશ્વનો પ્રથમ દેશ બની ગયો ?
➜ **બોલિવિયા**
૨. ૨૦૧૪માં કયા દેશે ગાઝા પટ્ટીમાં શાંતિ માટે મધ્યસ્થા કરી હતી ?
➜ **મિશ્ર**
૩. ૨૦૧૪ લૌરેસ વિશ્વ ખેલ અકાદમીમાં કયા પૂર્વ ભારતીય ખેલાડીની પસંદગી કરવામાં આવી છે ?
➜ **રાહુલ દ્રવિડ**
૪. ૭મું બ્રિક્સ સંમેલન કયા શહેરમાં યોજાશે ?
➜ **ઉફા (રશિયા)**
૫. ૨૦૧૪માં ફિલિપીન્સમાં કયા વાવાઝોડાએ ભારે તબાહી મચાવી હતી ?
➜ **ટાયફૂન રામ્મસૂન**
૬. ૨૦૧૪ બ્રિક્સ દેશોએ કેટલા નાણાંની વિકાસ બેંક સ્થાપવાનું નક્કી કર્યું છે ?
➜ **૧૦૦ બિલિયન ડોલર**
૭. ૨૦૧૩માં થોમસ બાક ઓલમ્પિક સમિતિના કેટલામાં અધ્યક્ષ બન્યા ?
➜ **૯માં**
૮. ૨૦૧૩માં આઈ.ઓ.સી.ના નવા અધ્યક્ષ થોમસ બાક કોના અનુગામી બન્યા ?
➜ **જેક્સ રોગે**
૯. ૨૦૧૩ની ૯મી એશિયા કપ હોકીમાં કયા દેશનો વિજય થયો હતો ?
➜ **દક્ષિણ કોરિયા**
૧૦. ૨૦૧૩ની એશિયા કપ હોકીમાં વિજય થયેલી દક્ષિણ કોરિયાની ટીમે કયા દેશને પરાજીત કર્યું હતું ?
➜ **ભારત**
૧૧. ૨૦૧૩માં બેંગ્લોર આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું નામ બદલી કયું નામ રાખવામાં આવ્યું છે ?
➜ **કેમ્પે ગૌડા ઇન્ટરનેશનલ એરપોર્ટ**
૧૨. વિશ્વને શાંતિ અને અહિંસાનો સંદેશો આપનાર ભગવાન બુદ્ધના કયા મંદિરે વર્ષ ૨૦૧૩માં શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ થયા હતા ?
➜ **બોધિગયા**
૧૩. ૨૦૧૩માં કાશ્મીરની પ્રથમ મહિલા મુસ્લિમ એસ.પી. બનવાનું બહુમાન કોને પ્રાપ્ત થયું છે ?
➜ **શાહઝાદા પરવીન**
૧૪. ૨૦૧૩માં ટેલિકોમ કમિશને ટેલિકોમ ક્ષેત્રમાં FDI ની મર્યાદા ૭૪% થી વધારીને કેટલી કરી છે ?
➜ **૧૦૦ %**
૧૫. ૨૦૧૩માં જીવન વીમા પોલિસીના પ્રિમિયમ પર કયો ટેક્સ લેવાનું નક્કી કરવામાં આવ્યું છે ?
➜ **સર્વિસ ટેક્સ**
૧૬. ૨૦ જૂન ૨૦૧૪ના રોજ સમગ્ર વિશ્વમાં કયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી?
➜ **વિશ્વ શરણાર્થી દિવસ**
૧૭. ૨૦૧૪માં પશ્ચિમ આફ્રિકામાં કયા વાઈરસે હાહાકાર મચાવ્યો છે?
➜ **ઇબોલા વાઇરસ**
૧૮. ૨૦૧૪ સ્પેર એક્સ કંપની દ્વારા અંતરીક્ષ યાત્રીઓને મોકલવા માટે કયું કેપસૂલ વિકસાવ્યું છે?
➜ **ડ્રેગન વી-૨**
૧૯. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં કેરાલા કોંગ્રેસ (એમ)એ કેટલી બેઠક જીતી હતી ?
➜ **૧**
૨૦. અફઘાનિસ્તાનની પહેલી અને એકમાત્ર કઈ મહિલા ગવર્નરની વરણી ૨૦૧૩ના રેમન મેગ્સેસે એવોર્ડ માટે કરવામાં આવી હતી ?
➜ **હબીબા સરાબી**

# ધીસ 'હેપ્પી ન્યુ ઈયર' વિથ 'બેંગ બેંગ', 'રોકેટ', 'હૈદર' બોમ્બ અને 'બીગ બોસ' ફૂલઝડી સાથે...!!!

### વિગેરે...વિગેરે...



- અજય ઉપાધ્યાય
- akurjt@gmail.com

આને કહેવાય બગાસું ખાતા પતાસું આવવું... ને આવું મધમીઠું પતાસું આવ્યું છે દીપિકા અને અર્જુનના મોઢામાં. ખાસ કરીને દીપિકાની તો બલ્લે બલ્લે થઈ ગઈ છે. હજુ હેપ્પી ન્યુ ઈયરને રીલીઝ થવામાં એકાદ મહિનાની વાર છે ત્યારે દીપિકાની ઓછી અપેક્ષિત ફાઈન્ડીગ ફેની બોક્ષ ઓફીસ પર સારો દેખાવ કરી રહી છે. જો કે નસીરુદ્દીન, ડીમ્પલ અને પંકજ કપૂર જેવા કલાકારોવાળી આ ફિલ્મ તો ચાલવી જ જોઈએ એવું હવે કહેનારા લોકોને આ ઓલમોસ્ટ આર્ટટાઈપની કહી શકાય એવી ફિલ્મ પાસે એટલીસ્ટ રીલીઝ પહેલા તો કોઈ અપેક્ષા હતી જ નહિ પણ આ છોટા પેકેટે બડો ધમાકો કરી જ લીધો. લગભગ ૬૦ કરોડના બજેટમાં બનેલી ફેની એ અત્યાર સુધીમાં અંદાજે ૪૦-૪૫ કરોડ કમાઈ લીધા છે. નો ડાઉટ ૧૦૦ કરોડ કે ૨૦૦ કરોડ સુધી નહિ જ પહોચે પણ આ સફળતાએ રામલીલા પછી બોલીવુડમાં દીપિકાનું જે સ્થાન બન્યું છે એને વધુ મજબુત ચોક્કસ કર્યું છે તો લગે હાથ અર્જુનને પણ ૨-સ્ટેટ્સ પછી ફરી એકવાર સફળતાનું પતાસું આઈ મીન સ્વાદ ચાખવા મળ્યો છે.

કાશ આવા પતાસા સોનમકપૂરના ભાગ્યમાં પણ હોત...? ઝક્કાસ અનિલકપુરની આ દીકરીના નસીબ આડેનું પાંદડું લાગે છે કે હજુ ખસવાનું નામ નથી લેતું. ભાગ મિલ્ખા ભાગ સફળ તો થયું પણ ક્રેડીટ ફરહાનના ભાગે ગઈ અને એ વ્યાજબી પણ હતું કેમકે આફ્ટરઓલ ફરહાનની મહેનતે ફિલ્મને સફળ બનાવવામાં મોટો ફાળો આપેલો પણ સોનમનું શું? રુશિદાના ખુબસુરતથી જોજનો દુર આ નવી ખુબસુરત ક્રિટીક્સના સારા કહી શકાય એવા રેટિંગ અને રીવ્યુ છતાં ટીકીટબારી પર કોઈ જબરદસ્ત દેખાવ નથી કરી રહી એ જોતા પાપા અનીલકપૂર અને પ્રોડ્યુસર બહેના રિઆકપૂરનું બ્લડપ્રેસર થોડું ચું નીચું થવાનું. થોડું એટલા માટે લખ્યું કે ખુબસુરત ફક્ત ૨૪ કરોડ રૂપિયામાં જ બનેલી છે અને પહેલા વિક સુધીમાં જ ૧૯ કરોડ જેવા કમાઈ ચુકી છે અને પાકિસ્તાની ટીવી સ્ટાર ફવાદ ફિલ્મનો હીરો હોવાથી ફિલ્મને પાકિસ્તાનમાં પણ સારો પ્રતિસાદ મળતો રહેશે મતલબ કે પાપા કપૂરની તિજોરીમાં કોઈ વિશેષ ઘટ નહિ આવે પણ બોલીવુડમાં સફળ થવાની કોશિશો સોનમે હજુ ચાલુ રાખવી પડશે એ ચોક્કસ છે.

તો મોટી દાવત આપવા પડે એવા ન્યુઝ આદિત્ય રોયકપૂર અને પરીનીતી માટે પણ છે જ. ૩૦ કરોડના બજેટવાળી યશરાજની દાવત-એ-ઈશ્ક રીલીઝના પહેલા જ વીકમાં ૩૦ કરોડ કમાઈને ખાતુ સરભર કરી હવે નફ્ફા તરફ આગળ વધી રહી છે. સાજીદ વાજીદના મસ્ત સંગીત વાળી આ હૈદ્રાબાદી - લખ્નૌવી ફિલ્મ ધીરે ધીરે ૫૦ કરોડને ક્રોસ્સ કરી જશે એવી આશા છે અને એનું બીજું કારણ એ પણ છે કે અત્યારે આ ફિલ્મની સાથે બોક્ષ ઓફીસ પર કોઈ તગડો મુકાબલો છે નહિ કારણ કે બીપાશાબેનની ક્રીયેચર ૩-ડી એ બજેટ જેટલા પૈસા વસુલ કરીને સિનેમાઘરોમાંથી લગભગ વિદાઈ લઈ લીધેલી છે અને રાની ની મર્દાની પણ રેસની બહાર છે એટલે અત્યારે તો ખુબસુરત સિવાય દાવતને બીજા કોઈ સાથે મુકાબલો છે જ નહિ સિવાય કે ૨ ઓક્ટોબરે બેંગ બેંગ થાય...!!!

યસ સુજાનના ચારસો કરોડની વેતરણમાં પડેલો રિતિક અને કપૂર ખાનદાનની વહુ બનવાના સપના જોતી ઈંગ્લીશ કેટની આ ફિલ્મ ગાંધીબાપુના જન્મદિવસે રજુ થશે. એક વર્ષ પછી રજુ થતી રિતિકની આ ૧૩૦ કરોડના બજેટમાં બનેલી આ એક્શન પેક ફિલ્મ (જેમાં ૩૦ કરોડ રૂપિયા રિતિકની ફીસ પણ સામેલ છે) માં ઓરીજનલી શાહિદકપૂરને કાસ્ટ કરવાનો દિગ્દર્શક સિદ્ધાર્થ આનંદનો પ્લાન હતો પણ શાહિદને વાર્તા વાચ્યા પછી એમ થયું કે આ રોલ તો ટોમ ક્રુઝને મળતો આવે છે અને શાહિદ ઓલરેડી પાપા પંકજ કપૂરની મૌસમમાં ટોમ ક્રુઝનો લુક અપનાવીને એના નકલચીનો ખિતાબ મેળવી ચુક્યો હોવાથી ફરીવાર આવી સરખામણી કે નકલખોર ગણાવાની બીકે શાહીદ ફિલ્મમાંથી ખસી ગયો ને રિતિકની એન્ટ્રી પડી બેંગ બેંગ કરતી!!! જો કે શાહિદનો ડર સાચો જ હતો કેમકે બેંગ બેંગ એ સફળ હોલીવુડ ફિલ્મ નાઈટ એન્ડ ડે ની જ હિન્દી રીમેક છે. હોલીવુડ ફિલ્મમાં ટોમ ક્રુઝ અને કેમરોન ડાઈને કરેલા રોલ બેંગ બેંગમાં રિતિક- કેટ કરી રહ્યા છે. ટ્રેલર અને ફર્સ્ટ લુકથી તો લાગે છે કે રિતિક - કેટની આ જોડી ધમાલ મચાવશે. બેંગ બેંગ પહેલી એવી બોલીવુડ ફિલ્મ છે જેમાં કો-પ્રોડ્યુસર અબુ ધાબીની એક પ્રોડક્શન કમ્પની પણ છે. ફિલ્મનું મોટાભાગનું શુટિંગ પણ અબુધાબીમાં જ કરાયું છે.કાંચા ચીના ઉર્ફે ડેની આ ફિલ્મથી આપણને લાંબા સમય પછી જોવા મળશે સાથે જાવેદ જાફરી પણ.

ભલે ને શાહિદે બેંગ બેંગ ઠુકરાવી દીધી હોય પણ એમ એ કાંઈ રિતિકનો પીછો થોડો છોડવાનો હતો કેમકે ૨ જી ઓક્ટોબરે જ મતલબ કે બેંગ બેંગની સાથે સાથે જ શાહિદ પણ બનીને આવવાનો છે હૈદર...!!! યસ વિશાલ ભારદ્વાજનો આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ફિલ્મ સ્વરૂપે રજુ થઈ રહ્યો છે ૨ ઓક્ટોબરે. વિશાલની આગલી ફિલ્મોની જેમ જ આ પણ શેક્સપીયરની વાર્તા હેમલેટનું કાશ્મીરીકરણ જ છે. મકબુલ અને ઓમકારા પછી વિશાલની શેક્સપીયરની વાર્તા ને આધારે બનેલી આ ત્રીજી ફિલ્મ હૈદરની વાર્તા છે કાશ્મીરની. શાહિદના લુક થી ચર્ચામાં રહેલી આ ફિલ્મમાં ઘણા વખત પછી તબ્બુ જોવા મળશે. તો વિશાલ ભારદ્વાજની ફિલ્મ હોય એટલે આપણા ફેવરીટ ગુલઝાર સાહેબના જ ગીતો હોય. સુખવીન્દરે ગાયેલું બિસ્મિલ અને વિશાલ દાધ્લાની એ ગયેલું આઓ ના ઓલરેડી હીટ થઈ ચુક્યા છે. ઓલમોસ્ટ કાશ્મીરમાં જ શૂટ થયેલી હૈદરના ટીકીટબારી પરના દેખાવ પર શાહિદની નજર હશે જ ને એકલા શાહિદની જ કેમ આશિકી-૨ વાળી આઉં શક્તિ કપૂરની બેબી શ્રધ્ધા કપૂરને પણ આ ફિલ્મની સફળતાનો ઈન્તેઝાર હશે જ.જોઈએ રિતિક બેંગ બેંગ કરે છે કે પછી હૈદર ભાયજાન ચમકારો બતાવે છે.

જો હૈદર અને રિતિક બન્નેની બેંગ બેંગની બદલે ટાઈ ટાઈ ફિસ્સ થઈ જશે તો પછી બોલીવુડની દિવાળી સુધારવાની ટોટલ જીમ્મેદારી સુપર સ્ટાર શાહરૂખખાનના ખભ્ભે આવી જવાની એ નક્કી છે. પણ અહી કેસ જરા જુદો છે. ફરાહ અને શાહરુકની આ સફળ જોડી અગાઉ પણ ઓમ શાંતિ ઓમ અને મૈ હું ના માં સફળતાનો ચમત્કાર દેખાડી ચુકી છે ને ચાલીસી કે ઉસ પાર પહોચવા છતાં શાહરુક ચેન્નાઈ એક્સ્પ્રેસ્સની મેસીવ સફળતા મેળવી શકે છે એ એના સ્ટારડમનો પ્રભાવ છે. ૧૫૦ કરોડના તોતિંગ બજેટવાળી આ ફિલ્મને સફળ અને શાનદાર બનાવવામાં શાહરુકની જ પ્રોડક્શન કમ્પની રેડ ચીલી એ કોઈ કસર નથી રાખી એનો સૌપ્રથમ અંદાજ તો ફિલ્મની સ્ટારકાસ્ટ જોઈને જ આવી જાય છે. ધૂમ-૩ ની ક્રેડીટ ભલે આમીર લઈ ગયો હોય પણ અભિષેક ના ખાતે ઓછી તો ઓછી પણ બોલ બચ્ચનની સફળતા બોલે જ છે. મીલેનીયમ સ્ટાર બચ્ચન સીનીયરના પુત્ર સિવાય ફિલ્મમાં ફરાહ ની ખુદની શોધ દીપિકા પણ છે. દીપિકા - ફેની - પાદુકોણે હેપ્પી ન્યુ ઈયર ને ચાર નહિ પણ આઠ ચાંદ લગાવશે એ નક્કી છે અને ટ્રેલરમાં જોવા મળતા એના લુક અને સંવાદો પછી ફિલ્મ જોવાની ઉત્સુકતા વધી ગઈ છે. આ ઉપરાંત સોનું સુદ, બોમન ઈરાની અને આપણા નાસીરુદીન ભાયનો પોરિયો વિવાન પણ છે ને લટકામાં જગ્ગુદાદા યાની કી જેકી શ્રોફ. આટલા મુખ્ય કલાકારો ઉપરાંત મહેમાન કલાકારોનું લીસ્ટ પણ લાંબુ છે... નાખો એક નજર એના પર પણ - ડીનો મારીઓ, પ્રભુ દેવા, વિશાલ દાદલાની, મલ્લિકા અરોરા, સાજીદ ખાન અને એબોવ ઓલ અનુપમ ખેર. ફર્સ્ટલુક પરથી તો એવું લાગે છે કે મ્યુઝીકમાં વીંટળાયેલી આ ફિલ્મની વાર્તામાં કોઈ મોટી હીરાની લુટ પણ સામેલ છે મતલબ ઈસમેં એક્શન હૈ... ઈમોશન હૈ... સ્ટોરી હૈ... ડ્રામા હૈ...!!! ફિલ્મના ગીતો ઓલરેડી સુપર હિટ છે ખાસ કરી ને અરીજીતનું મનવા લેંગે અને ઈન્ડિયા વાલે... મતલબ કે આ દિવાળી એ ગેટ રેડી ફોર મનોરંજનના ધૂમ ધડાકા ઈન ફરહા - શાહરુખ સ્ટાઈલ!!!

શાહરૂખ જો આ દિવાળીએ બધાને હેપ્પી ન્યુ ઈયર કરવાનો હોય તો પછી કટ્ટર દુશ્મન (જો કે હવે સાવ કટ્ટર નહિ પણ પ્રતિસ્પર્ધી તો ખરો જ) એવો સલમાન થોડો ચુપચાપ બેસી રહે ને એમાય આ તો સલમાન એણે તો એક વાર કમીટમેન્ટ જ કરવાનું હોય પછી તો એ સલીમખાન સાહેબનું પણ ક્યાં સાંભળે છે ???? યસ એટલે તો કમીટમેન્ટ મુજબ સલ્લુ આવી ગયો છે બીગ બોસ્સ-૮નું પ્લેન લઈને આ નવરાત્રીમાં બધા ને જય માતાદી કરવા...!!! જો કે ગયા બીગ બોસ્સમાં સલ્લુભાય બહુ ગુસ્સે થઈને બોલી ગયેલા કે અબ અપુન યે શો નહિ કરેગા....પણ શું થાય? પૈસા અને ચાહના ચીજ જ એવી છે કે ખાનભાય આવી ગયા પાયલોટ નો ડ્રેસ ચડાવી પાછા બીગ બોસના લોનાવાલાના ઘર માં...!!!

ગયા રવિવારે શરુ થઈ ગયેલા કલર્સ ચેનલના આ પોપ્યુલર શો માં આ વખતે પ્રતિસ્પર્ધીઓથી લઈને ઘર સુધી ઘણી બધી ચીજોમાં ટ્વીસ્ટ છે. આમ તો અત્યાર સુધીની મોટાભાગની બિગબોસ સીજનના કન્ટેસ્ટનટોની પસંદગી એકસરખી જ જોવા મળેલ છે પણ આ વખતે ટ્વીસ્ટ એ છે કે બધા જ ભાગ લેનારાઓ ફિલ્મ, ટીવી કે મોડેલીગના ફિલ્ડના છે. અગાઉની સીઝનોમાં એકાદ રાજકારણી, ક્રિકેટર કે બીજા ક્ષેત્રની સેલીબ્રીટી હમેશા બિગબોસના ઘરમાં માથાકૂટ કરતી જોવા મળતી હતી પણ આ વખતે હજુ સુધી તો એવું કોઈ ઘરમાં ઓહ આઈ એમ સોરી પ્લેનમાં દાખલ થયેલું જોવા મળ્યું નથી. બીજો ટ્વીસ્ટ એ છે કે દર વખતે બીગ્બોસ્સનુ ઘર શાનદાર હોય છે અને પહેલા જ એપિસોડ માં એ શાનદાર ઘર જોવું એ એક લહાવો હોય છે જયારે આ વખતે હજુ સુધી આ બધા નંગો ખુલ્લામાં જ પડ્યા પાથર્યા રહે છે અને બિચારાઓ પ્લેનની સાંકડી સીટોને જ બેડ સમજીને ઘોર્યા કરે છે . આ વખતના બીગ્બોસ્સના બહાદુરોમાં સોનાલી રાઉત અને કરિશ્મા તન્ના (મોડેલ અને એક્ટ્રેસ), ઉપેન પટેલ (એક્ટર/મોડેલ), સોની સિંહ (ટીવી એક્ટ્રેસ), રાજ બબ્બરનો ફ્લોપ પુત્ર આર્ય બબ્બર, ડીયાન્દ્રા (ફેશન ડિઝાઈનર), શુશાંત, ગૌતમ ગુલાટી, સુક્રીતી, શકુની મામા પ્રણિત ભટ, નતાશા, કુલી ફિલ્મમાં અમિતાભને મોતનો મુક્કો મારનાર પુનીત ઈસ્સાર, મિનિષા લાંબા, જૂની બોલીવુડ અને ટીવી કલાકાર દીપશિખા અને રેડીઓ જોકી પ્રીતમ સિંહ છે. આમાં પ્રીતમને બાદ કરતા બધા જ ફિલ્મ, ટીવી કે મોડેલીગ સાથે જોડાયેલી ફ્લોપ કહી શકાય અથવા તો ગુમનામીમાં ગરકાવ થઈ ગયેલી હસતીઓ છે, ને આમેય બીગ બોસ્સમાં આવા જ સ્પર્ધકોનો સમાવેશ કરાતો હોય છે. જો કે પુનીત, દીપશિખા અને પ્રીતમને ઘરમાં લાવવામાં આવ્યા છે, આ ત્રણેય સિક્રેટ સોસાયટીના સભ્યો છે જેમનું કામ છે બાકીના સભ્યોથી છુપ્પાઈને એમનું મોનીટરીગ કરવાનું. એવું બને કે કદાચને વાઈલ્ડ કાર્ડ એન્ટ્રીથી ભવિષ્યમાં કોઈ ક્રિકેટર, રાજકારણી કે સાધુ બાબાનો ઘરમાં કે પ્લેનમાં પ્રવેશ થાય એવું બને પણ ત્યાં સુધી તો આ નંગોની રોજરોજની કચકચ, ઝગડા અને વ્યવહારો ટચુકડા પરદે જોવા મળતા થઈ ગયા છે. અત્યારે તો દર્શકો બીગ બોસ્સનું અસલ ઘર ક્યારે જોવા મળશે એની આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યા છે અને એ ઘરમાં આ બધી બબાલો દાખલ થાય નહિ ત્યાં સુધી આ ક્રેશ થઈ ગયેલા પ્લેનને જ ઘર સમજીને દગા - ફટકા - પ્રેમ - ગુસ્સો - કાળજી - લાગણી જેવા માનવ મનના સહજ પ્રતિભાવો વ્યક્ત કરતા આ કલાકારોની સાથે બીગ બોસ્સ - ૮ ને માણી રહ્યા છે.

**રીમાઈન્ડર -**

આજે ૨૮મી સપ્ટેમ્બર એ આપણી કોકિલકંઠી - ભારતીય બુલબુલ, સિનેરસિકોના હ્રદયમાં પુરા આદરથી બિરાજમાન લતા મંગેશકરનો જન્મદિવસ છે...હેપ્પી બર્થ ડે લત્તાજી !!!